પશ્ચિમી કેનેડામાં અમ્પાયરિંગ ક્ષેત્રે ઝળકતુ નામ - અમોલ ભટ્ટ

ગાંધીનગરના ક્રિકેટપ્રેમી યુવાન અમોલ ભટ્ટની ક્રિકેટ-અમ્પાયરીંગની સફરની યશગાથાએ ગાંધીનગરના ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા. ૭

આ વાત છે આપણા ગાંધીનગરનાં એક ક્રિકેટ અમ્પાયરની કે જેઓએ વૈશ્વિક લેવલે એવી નામના મેળવી છે કે દરેક ગુજરાતીની છાતી ગદગદ ફુલે. નામ છે "અમોલ ભટ્ટ"!

પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા આ ગુજ્જુ અમ્પાયરથી આજે કેનેડા-અમેરિકાના મોટાભાગનાં ક્રિકેટ રસિકો પરિચિત છે. અમોલભાઈ મુળ વતન ભાવનગર છે. નાનપણથી જ ક્રિકેટ રમવાનો શોખ ધરાવતા અમોલ ભટ્ટ, ભારતમાં સ્થાનિક લેવલે અનેક લીગમાં રમી ચુક્યા છે.

ગાંધીનગરની અનેક અગ્રગણ્ય સામાજીક સંસ્થાઓ સાથે કાર્યરત રહી ચુક્યા છે અને ૨૦૦૧ માં આવેલ ભુકંપ પછીની "સંકટ નિવારણ સમિતિ" માં પણ સેવા કરી ચુક્યા છે.

તેઓ વર્ષ ૨૦૦૧માં કેનેડા સ્થળાંતર થયા. ક્રિકેટ પ્રત્યેના પોતાના પ્રેમના લીધે કેનેડામાં રહેલા ક્રિકેટ વિકલ્પોની શોધખોળ શરુ કરી. ત્યારબાદ મોટાભાઈના માર્ગદર્શન હેઠળ ઓંટારીઓની પ્રખ્યાત એવી ઈડીસીએલ (ઈટોબીકોક લીગ)માં જોડાયા અને ક્રિકેટની સફર કેનેડામાં પણ ચાલુ રાખી. સમય જતા અમોલભાઈને ક્રિકેટ રમવા સાથે સાથે અમ્પાયરિંગ પ્રવૃત્તિઓમાં રુચિ હોવાથી ટોરોંટો વિસ્તારમાં અમ્પાયર તરીકે સેવા આપવાનુ શરુ કર્યુ. વર્ષ ૨૦૧૩માં અલ્બર્ટા રાજ્યમાં સ્થળાંતર કર્યા બાદ પણ અમ્પાયરિંગ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનુ ખુબ જ ઉત્સાહપુર્વક ચાલુ રાખ્યુ. આ સાથે અલ્બર્ટાના પાટનગર એવા એડમંટન શહેર ખાતે તેઓએ અમ્પાયરિંગસિસ્ટમ અમલમાં મુકી. જેમા તેઓ નવા અમ્પાયરની ભરતી, તાલીમ અને પ્લેયીંગ કંડીશન્સ અંગે શિક્ષણ આપવાની પ્રવૃતિઓ શરુ કરી. તેઓ એક ક્રિકેટ અમ્પાયરને પ્રાથમિક જરુરીયાત તરીકે જે પણ વસ્તુની જરુર પડે એ દરેક બાબતોમાં સહકાર આપે છે. ક્રિકેટ અમ્પાયર માટેની ટુલ કીટ અને ટ્રેઈનીંગ પ્લાન તૈયાર કરવાની પોતાની આગવી શૈલીના લીધે ખુબ જ ખ્યાતિ પામ્યા. અમોલભાઈની ક્રિકેટ અંગેની પ્રવૃત્તિ અને સમર્પણનાં પરિણામે સ્થાનિક લેવલે અધિકારીઓનુ પણ મનોબળ વધ્યુ છે અને અમ્પાયરીંગનાં ધોરણોમાં નોંધનીય સુધારો થયો.

આજની તારીખે તેઓ વિવિધ સેમીનાર યોજી ક્રિકેટ અમ્પાયર, સ્કોરર્સ તેમજ મેચ અધિકારીઓને ઓનફિલ્ડ અમ્પાયરિંગ ટેકનીક શીખવીને તાલીમ આપે છે. તેઓ પશ્ચિમ કેનેડાનાં પ્રેરીઝ પ્રાંતના અલ્બર્ટા, સાસ્કાચ્વેન તેમજ મેનીટોબા રાજ્યોમાં ક્રિકેટ કેનેડાના અમ્પાયર અને સ્કોરરનાં સર્ટિફિકેશન માટેની પરિક્ષાઓ લેવાની ફરજ પણ બજાવે છે. અલ્બર્ટા ક્રિકેટ એશોશીએશન તેમજ ક્રિકેટ કેનેડા નાં સતત માર્ગદર્શન અને સમર્થન દ્વારા તેઓએ વર્ષ ૨૦૧૩થી વેસ્ટર્ન કેનેડા ટી-૨૦ ટુર્નામેન્ટ, રેડડીયર કપ, ઈન્ટર સીટી ટુર્નામેન્ટસ, જેક કાઈલ કપ, મનમીત ભુલ્લર કપ તેમજ ક્રિકેટ કેનેડા ટ્રાયલ્સનું ખુબ જ સફળતાપૂર્વક સંચાલન કર્યુ છે. અમેરિકા ખાતે ઓરલાંડોમાં પણ ઈંડીયન કલ્ચરલ સોસાયટી ઓફ ઓરલાંડો માટે ફેબ્રુઆરી, ૨૦૧૮ માં કમલેશભાઈ અને સુશ્રુતભાઈ સાથે મળીને ક્રિકેટ ટુર્નામેંટને સફળ બનાવવા સેવા આપેલ હતી.

અમોલભાઈને જુન ૨૦૧૯ માં ક્રિકેટ વેસ્ટ ઈંડીઝ અને ICC અમેરિકાનાં અમ્પાયર્સ લેવલ ૨ વર્કશોપમાં ભાગ લેવા માટે પસંદ કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર કેનેડામાંથી કુલ પાંચ લોકોની ટીમની પસંદગી કરવામાં આવી હતી તેમા અમોલભાઈ એક હતા. તેઓએ એપ્રિલ, ૨૦૧૯ માં(https://www.cricclubs.com/CAC2019) ICCની સાતમી સેંટ્રલ અમેરિકન ચેમ્પિયનશીપ સફળતાપૂર્વક સંભાળી છે, જેમા મેક્સિકો, કોસ્ટારિકા, પનામા, બેલિઝ અને સ્ઝઝ (યુ.કે.)ની ટીમોએ ભાગ લીધો હતો.

જિલ્લામાં કોરોનાના ૧૩ કેસ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૧૩ કેસ નોંધાયા છે. જે છેલ્લા એક મહિનામાં નોંધાયેલા કેસોમાં સૌથી વધુ છે. જિલ્લામાં કોરોનાએ પુનઃ જે રીતે માંથુ ઉંચક્યુ છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭ કેસ નોંધાયા છે જ્યારે ગાંધીનગર શહેરમાં ૬ કેસ નોંધાયા છે. જિલ્લામાં આજે નોંધાયેલા ૧૩ કેસમાંથી ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૭ કેસમાં ગાંધીનગરમાં પાંચ અને કલોલ-દહેગામમાં એક એક કેસ નોંધાયા છે. દહેગામમાં નોંધાયેલા કેસના દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં ૫, દહેગામ-કલોલમાં એક-એક કેસ નોંધાયો : સે. ૧ અને સે. ૨૨ માં બે-બે કેસ તથા સે. ૩-એ-ન્યુ અને સે. ૬ માંથી કેસ મળ્યા : ૧૦ને ડિસ્ચાર્જ

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામેથી બે કેસ ઉપરાંત વાવોલ, સરગાસણ અને સરઢવ ગામેથી કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકાના સઈજ ગામેથી એક કેસ મળી આવેલ છે. જ્યારે દહેગામ અર્બન વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

આ સાથે ૪૧૪૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગાંધીનગર શહેરમાંથી આજે વધુ ૬ કેસ મળી આવ્યા છે. જેમાંથી બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિ.ના અધ્યાપક, નાયબ મામલતદાર, સંશોધન મદદનીશનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૧ માંથી બે કેસ, સે. ૨૨ માંથી બે કેસ ઉપરાંત સે. ૩-એ-ન્યુ અને સે. ૬ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે રિકવરી રેટ ૯૮ ટકાથી ઉપર થયો છે. આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં કોરોનાનો ગ્રાફ જે રીતે ઉંચકાયો છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં એક્ટીવ કેસોની સંખ્યા ૯૦ને પાર કરી ગઈ છે.

વસંતોત્સવ - ગાંધીનગરની આગવી ઓળખ ધરાવતો ઉત્સવ 'વસંતોત્સવ'નો શનિવારથી પ્રારંભ થયો છે... રવિવારે વિવિધ રાજ્યોમાંથી પધારેલા કલાકારોએ લોકનૃત્યોની પ્રસ્તુતિ કરી હતી. કોરોના ગાઈડલાઈનને ધ્યાનમાં રાખીને ફક્ત આમંત્રિતો માટે જ યોજાયેલા આ વરસના વસંતોત્સવમાં નાગરિકોને પ્રવેશ પ્રતિબંધિત કરવામાં આવ્યો છે.

મુખ્યમાર્ગો પર સર્કલ વિસ્તાર નજીક દબાણોના લીધે માર્ગ સલામતી જોખમાઈ

ગાંધીનગર તા ૭

શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિક સિગ્નલ ધમધમતા થયા બાદ સર્કલ વિસ્તાર નજીક માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી સ્થિતિ સર્જાઈ છે. સર્કલ નજીક વોક વે પર લારી ગલ્લાના દબાણો તેમજ કોર્મશિયલ પ્રવૃતિ ધમધમે છે. જયારે આ ઠેકાણે મુલાકાતીઓ પણ તેમના વાહનો પાર્ક કરી દેતા ડાબી સાઈટ પર વાહનોની અવરજવર માટે જગ્યા રહેતી નથી. સિગ્નલને અનુરૂપ નિયમો જળવાતા નથી આ ભયજનક સ્થિતિ નિવારવા માટે દબાણો દુર કરવા સહીત ડાબી સાઈડનો ટ્રાફિક ચોક અપ ન થાય તે માટે સમસ્યાનુ કાયમી નિરાકરણ આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

ટ્રાફિક સિગ્નલ કાર્યરત થયા બાદ લાંબા સમયના અંતે ડાબી સાઇટ હજુ ખુલ્લી રહી શકતી નથી : મુખ્ય માર્ગો પર સર્કલ વિસ્તાર નજીક ફુટપાથ પર દબાણોના લીધે માર્ગ વચાળે વાહનો પાર્ક થઇ જાય છે : ચાર રસ્તા પર ધમધમતી કોર્મશિયલ પ્રવૃતિના લીધે ડાબી સાઇટ પાર્કીંગમાં ફેરવાઇ જાય છે

શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિક સિગ્નલ જગમગતા થયા બાદ ગતિ નિયંત્રણની વાત પણ ધ્યાને આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

બટાકાના ભાવમાં કડાકો બોલતાં ખેડૂતો ચિંતાતુર બન્યા

ઉનાળુ વાવેતર માટે ખેડૂતો ભીંસમાં

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં બટાટાના વિક્રમી વાવેતર બાદ બટાકાના ભાવમાં જે રીતે કડાકો બોલ્યો છે તેનાથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

બટાટાનો ભાવ રૂ. ૬૦ થી ૧૩૦ માર્કેટયાર્ડોમાં બોલાઈ રહ્યો છે. બટાટાના મોંઘા બિયારણની ખરીદી અને વાવેતર પછી જે ભાવ મળવાની આશા હતી તેના પર હાલ તો પાણી ફરી વળ્યુ છે.

જિલ્લામાં ચાલુ વર્ષે ૧૨ હજાર હેક્ટર કરતાં પણ વધારે વિસ્તારમાં બટાટાનું વાવેતર થયુ હતુ. ઘણા ખેડૂતોએ કોન્ટ્રેક્ટ ફાર્મિંગથી બટાટાની ખેતી પણ કરી હતી પરંતુ મોટાભાગના ખેડૂતો

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ૨૦૧૫થી ૨૦૧૯માં ૩૩૫૪ વ્યક્તીઓ કેન્સરનો શિકાર થયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૫થી ૨૦૧૯દરમ્યાનના ૪ વર્ષના ગાળામાં ૩૩૫૪ લોકો કેન્સરની જીવલેણ બિમારીમાં સપડાયા હતા.

મળતી વિગતો પ્રમાણે જેમાંથી ૨૯૫ દર્દીના મોત થયા હતા. કેન્સરથી ૧૭૦ પુરષ દર્દીના અને ૧૨૫ મહિલા દર્દીના મોત થયા હતા.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૬ ના વર્ષમાં ૩૯૪ લોકો કેન્સરની બિમારીમાં સપડાયા હતા. જે ૨૦૧૫ થી ૨૦૧૯ ના ગાળામાં કેન્સરમાં સપડાયેલા દર્દીઓમાં સૌથી વધુ છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૨૦૧૫માં ૬૬૪ લોકોને, ૨૦૧૬ માં ૬૯૪ લોકોને, ૨૦૧૭ માં ૬૮૯ લોકોને, ૨૦૧૮ માં ૬૮૪ લોકોને અને ૩૧-૧૨-૧૯ની સ્થિતિએ ૬૨૩ લોકોને કેન્સર થયાનું નિદાન થયુ હતુ.

કેન્સરના રોગને અટકાવવા માટે કેન્સર જનજાગૃતિ કેમ્પ, કેન્સર નિદાન કેમ્પ, વિશ્વ કેન્સર દિવસની ઉજવણીના કાર્યક્રમો પણ તંત્ર દ્વારા ઉજવવામાં આવી રહ્યા છે.

સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કેન્સરને કારણે ૨૦૧૯ માં ૭૬ વ્યક્તીના મોત થયા હતા. ૨૦૧૮ માં ૬૩ વ્યક્તીના, ૨૦૧૭ માં ૫૨ વ્યક્તીના, ૨૦૧૬ માં ૬૧ વ્યક્તીના અને ૨૦૧૫ માં ૪૩ વ્યક્તીના મોત થયા હતા.

સે-૧૬ અને ૧૧ના કોર્મશિયલ વિસ્તારમાં વધતા દબાણ વચ્ચે પાર્કીંગનો પ્રશ્ન ત્રાસરૂપ

ગાંધીનગર તા ૭

શહેરમાં માર્ગ સુધારણા અને અન્ડર પાસની કામગીરી વચ્ચે ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. જયારે વાહનોની સંખ્યા વધતા માર્ગો પર ટ્રાફિકનુ ભારણ પણ વધ્યુ છે. ત્યારે સેકટરોમાં ખાડે જતી પાર્કીંગ વ્યવસ્થાના લીધે નાગરિકો ત્રાહીમામ પોકારી ગયા છે. પાર્કીંગ પ્લેસ પર દબાણો હજુ ગોઠવાયેલા છે. મુલાકાતીઓને વાહન પાર્કીંગ માટે જગ્યા મળતી નથી. સે-૨૧ માં પાર્કીંગની સમસ્યાને ડામવા માટે કામ હાથ ધરવામાં આવ્યુ છે તે મુજબ સે-૧૬ અને સે-૧૧ માં પણ નવતર અભિગમ સાથે પાર્કીંગ પ્લેસનુ નિર્માણ કરવામાં આવે તેવી માંગણી સ્થાનિક વેપારીઓએ કરી છે.

પાર્કીંગ પ્લેસ પર દબાણો કાયમી થતા વાહન પાર્કીંગ માટે જગ્યા મળતી નથી : પાર્કીંગમાં આજા ફસાજા જેવી સ્થિતિથી વાહનચાલકો પરેશાન : સે-૨૧ ની જેમ પાર્કીંગ પ્લેસ તૈયાર કરવા માટે આયોજન અનિવાર્ય

શહેરમાં વધતા વાહનોની સંખ્યા વચ્ચે ટ્રાફિકની સમસ્યા પેચીદી બની છે. ટ્રાફિકના ધમધમાટ વચ્ચે સેકટરોમાં વાહન પાર્કીંગનો પ્રશ્ન ગંભીર બનતો જાય છે. આડેધડ પાર્કીંગની સમસ્યાથી નગરની સરકારી કચેરીઓ પણ ઘેરાયેલી છે. જયારે શહેરના કોર્મશિયલ વિસ્તારમાં પાર્કીંગની સળગતી સમસ્યાથી નાગરિકો ગળે આવી ગયા છે. સે-૨૧, સે-૧૬ , સે-૧૧ માં કોર્મશિલય કોમ્પલેક્ષ તેમજ શોપિંગ સેન્ટર નજીક પાર્કીંગ માટે પર્યાપ્ત જગ્યા નથી જેના લીધે માર્ગ વચાળે વાહનો ખડકાયેલા જોવા મળે છે. મુલાકાતીઓના વાહનો પણ ફસાઈ જતા કલાકો સુધી મથામણ કરવાનો વારો આવે છે. વાહન પાર્કીંગના મુદ્દે નગરમાં આજા ફસાજા જેવી સ્થિતિ છે. ત્યારે પાર્કીંગ વ્યવસ્થાને સ્માર્ટ કરવા માટે કોઈ આયોજન કરવામાં આવતુ નથી. પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો છે તે વાત જુની થઈ ગઈ છે. આમ છતા હજુ સુધી આ દબાણકારો તંત્રની આંખે ચઢતા નથી. નગરમાં અન્ડર પાસની કામગીરી શરૂ થયા બાદ હવે ગ માર્ગ પર પણ ફુટપાથ પર દબાણો ગોઠવાઈ ગયા છે. ગ-૪ પાસને વળાંક પર પાથરણા અને લારી ગલ્લાવાળાની ભીડ જામી છે. જયારે સે-૨૧ માં પણ પાર્કીંગ પ્લેસ પર અડ્ડો જમાવતા દબાણકર્તાઓની ભીડ વધુ છે. ત્યારે પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થા માટે તંત્ર કોઈ સ્માર્ટ વ્યુ અપનાવે તે અનિવાર્ય છે. શહેરના સે-૨૧ માં હાલ ફુટપાથને અડીને કમ્પાઉન્ડ વોલનુ નિર્માણ કરવામા'આવી રહ્યુ છે. જેના અંતે એકબાજુ ટુ વ્હીલર તેમજ એક સાઈડ ફોર વ્હીલરની પાર્કીંગ વ્યવસ્થા ગોઠવાશે તેમ પણ તંત્રના અધિકારીઓ જણાંવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લા પંચાયતને ૨૦મી સુધીમાં નવા પ્રમુખ મળશે

૧૩મી પછી ભાજપની ઝોનવાર પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ચર્ચાઓ થશે : ૧૫ થી ૨૦ માર્ચ સુધીમાં પ્રથમ સામાન્ય સભા મળે તેવા સંકેતો : પ્રથમ સભામાં માત્ર ચૂંટણી થશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પંચાયતને નવા પ્રમુખ ૨૦મી માર્ચ સુધીમાં મળી જશે તેવી સંભાવનાઓ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય સભા યોજવા માટેના ચક્રો ગતિમાન થઈ ગયા છે અને પરિણામ જાહેર થયા બાદ તેનુ જાહેરનામુ પ્રસિદ્ધ થઈ ગયા બાદ વિકાસ કમિશનરશ્રીએ સભા યોજવા માટેના સ્થળ સાથેનો વિગતવાર અહેવાલ પણ માંગી લીધો છે.

વિકાસ કમિશનરશ્રી દ્વારા તા. ૧૫ થી ૨૦ માર્ચની વચ્ચે નવા પ્રમુખની ચૂંટણી યોજવાની તારીખ આપશે તેમ જાણવા મળેલ છે. પ્રથમ તા.પં.ના પ્રમુખો અને ત્યારબાદ જિલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

મળતા નિર્દેશો મુજબ પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી પૂર્ણ થયા બાદ પંચાયતના બજેટને ખાસ સામાન્ય સભા યોજી મંજૂરી આપવામાં આવશે. આ કામગીરી સંપન્ન થયા બાદ પંદર દિવસ પછી વિવિધ સમિતિઓની રચના અંગેની કામગીરી હાથ ધરવામાં આવશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ પદને લઈ હાલ તો પંચાયતમાં ત્રણ થી ચાર દાવેદારો હોવાની ચર્ચા થઈ રહી છે. સિનીયોરીટી, પક્ષના નેતૃત્વ સાથેનું સંકલનની જાળવણી સહિતમાં કોને નેતૃત્વ સોંપવામાં આવશે તેને લઈ અટકળોનો દોર શરૂ થઈ ગયો છે.

મહાનગરપાલિકાઓના મેયરની પસંદગી પછી અર્થાત્ ૧૩મી પછી ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોનો મુદ્દો હાથ પર લેવામાં આવશે. આ માટે ઝોનવાર પાર્લામેન્ટરી બોર્ડમાં બેઠકો યોજાશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં બે દાયકા બાદ ભાજપને સત્તાના સૂત્રો સંભાળવાનો મોકો મળ્યો છે અને બધાને સાથે રાખી પક્ષ આગળ વધવા માગે છે તેવા સંકેતો હાલ

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં ઉનાળાની એન્ટ્રી : ધીમે ધીમે ગરમીના પારામાં વધારો

ગાંધીનગર,તા.૭

ગુજરાત રાજ્યમાં ધીમે ધીમે ગરમીના પારામાં વધારો થયો છે. રાજ્યમાં ગરમીના પ્રભુત્વમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે ૧૧ શહેરમાં મહત્તમ તાપમાનનો પારો ૩૭ ડિગ્રીથી વધુ રહ્યો હતો જ્યારે ગાંધીનગરમાં ૩૬.૮ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. અમદાવાદમાં આજે દિવસ દરમિયાન ૩૮.૯ ડિગ્રી સાથે વર્તમાન સિઝનનું સૌથી વધુ તાપમાન નોંધાયું હતું.

અમદાવાદના સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૪.૯ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. આગામી ૩ દિવસ દરમિયાન અમદાવાદમાં સરેરાશ મહત્તમ તાપમાન ૩૮ જ્યારે સરેરાશ લઘુતમ તાપમાન ૧૯ ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવના છે. રાજ્યમાંથી અન્યત્ર જ્યાં ૩૮ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું તેમાં ડીસા, વલ્લભ વિદ્યાનગર, વડોદરા, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી ચાર દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં ફેરફાર થવાની કોઈ સંભાવના નથી. પરંતુ ઉત્તર ગુજરાત, સૌરષ્ટ્ર-કચ્છમાં આગામી ૨૪ કલાક દરમિયાન તાપમાન ૩૭થી ૩૯ ડિગ્રીની વચ્ચે રહેશે.

ઝાલાવાડી સઈ સુથાર બેસણું

અમારા પૂજ્ય માતૃશ્રી **શાંતાબેન ટપુભાઈ રાઠોડ** તા.૬-૩-૨૦૨૧ને શનિવારના રોજ દેવલોક પામ્યાં છે. **સદ્ગતનું બેસણું તા.૦૮-૦૩-૨૦૨૧ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : બ્લોક નં.૧૦, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર. મો .૯૮૨૫૦ ૩૧૬૧૪, ૯૪૨૬૬ ૪૫૬૧૪

વસંતભાઈ ટપુભાઈ રાઠોડ (પુત્ર) **વિક્રમ વસંતભાઈ રાઠોડ** (પૌત્ર)
ઈલાબેન વસંતભાઈ રાઠોડ (પુત્રવધુ) **ચેતના વસંતભાઈ રાઠોડ** (પૌત્રી)

તથા સમસ્ત રાઠોડ પરીવાર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com